ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




"જોયું... જોયું ને..!"

"શાની વાત કરો છો તમે..?!"

"ટીવીમાં સમાચારમાં જોયું નહિ..? પુરપીડિતોને વહેંચાતી રોકડ સહાયમાં કટકી થાય છે કટકી..! આ તમારા ભ્રષ્ટાચાર મુક્ત ભારતમાં... અને ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતમાં..!"

"તમેય... ખરા છો... કાગનો વાઘ કરો છો..! આખી રાજ્ય સરકાર પુરપીડિતોની વહારે પહોંચી છે... પાંચ પાંચ દિવસથી પાણીદાર સરકાર... પાણીની વચ્ચે છે. તમને એ દેખાતુ નથી... અને એક-બે કર્મચારીએ ક્યાંક ચા-પાણીના પૈસા લીધા હોય ત્યાં તમને કટકી દેખાય છે..?!"

"સાહેબ..! આક્ષેપ કટકીનો નથી... એ તો અમનેય ખબર છે. એ તો ગામ હોય ત્યાં ઉકરડા તો હોય જ... પણ તમારા જે ફાંકા છે કે અમારા ત્યાં કોઈ ભ્રષ્ટાચાર નથી... એની વાત છે..!"

"હા... હા... એ તો પ્રમાણ જુઓ તો ખબર પડે ને..!"

"બધાને બધી ખબર જ છે... પ્રમાણ કોના કેટલા છે ને ક્યાં છે..?! ને બધુ કાગળીયા પર શોભે છે સાહેબ... બાકી તો કાદવે કાદવ જ છે."

"આ જુઓ ને તમારી આખી સરકાર પૂર-પીડિતોની વચ્ચે બેઠી છે... પણ હજી સ્થિતિ તો એની એજ છે ને ભાઈ..!"

"એટલે..!"

"એટલે... સરકાર જેટલું ધારતી'તી અને જેટલુ કેતી'તી એનાથી વીસ ગણુ નુકશાન છે... કેમ ખોંખારીને બોલતા નથી ?!"

"કેમ..? રોજે રોજ તો કહેવાય જ છે... જગ જાહેર છે... નુકશાનના આંકડા સૌને ખબર છે..."

"શું ધુળ ખબર છે ?!"

"સાચા આંકડા આવશે ત્યારે... કંપારી છુટી જશે કંપારી..!! માત્ર સરકાર જ નહીં આખુ ગુજરાત હચમચી જશે."

"હેં... એ... એવું શું છે..?!"

"અરે... તમે અત્યારે જ જુઓ ને... દસ-દસ દિવસના વ્હાણા વાયા... હજુ પાણી ઓસર્યા નથી. રોજે રોજ મૃત્યુઆંક વધતો જાય છે... ભલે જાહેર ના થાય... ખેતી-મકાનો-ખેતરો-દુકાનો-માર્કેટયાર્ડો-રસ્તાઓ... ઘુઘવાતા પાણીમાં ધોવાઈ ગયા છે ધોવાઈ..!!"

"થાય એ તો કુદરતનો કહેર છે કહેર... પ્રકૃતિના પ્રકોપને તો કોણ પહોંચ્યુ છે ને કોણ પહોંચશે..!"

"સાહેબ... માત્ર પ્રકૃતિનો નથી, તંત્રની પણ બેદરકારી એમાં એટલી જ જવાબદાર છે..! રાજસ્થાનના ભારે વરસાદના પગલે છલકાયેલા શીપુ અને દાંતીવાડા ડેમ જો સમયસર ખોલાયા હોત તો આજે સર્જાયેલી સ્થિતિમાં પચાસ ટકા તારાજી ઓછી હોત..."

"હા... હવે તો આવું જ કહેશો ને..!"

"આક્ષેપની વાત નથી સાહેબ... આરોપની વાત નથી... માત્ર આત્મચિંતનની વાત છે. ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળું મારવા જતું આ તંત્ર કેમ સમયસર નહીં જાગતુ હોય..?!" તંત્રને જાગતું રાખવું... તંત્રને દોડતું રાખવું એ સરકારની ફરજ છે... અને એટલી જ ફરજ સમાજની પણ છે.

**- નિમિત્ત માત્ર**



બદલાતું વાતાવરણ - છેલ્લા ૧૦ દિવસથી અવિરત વરસાદ બાદ ધીમે ધીમે ઉઘાડ નિકળતો જાય છે... આકાશમાં વાદળોની આવનજાવન વચ્ચે સુરજની સંતાકુકડીથી વાતાવરણમાં ઉતાર-ચડાવ જોવા મળે છે... ક્યારેક અષાઢી વાદળોનો ઘેરાવ, તો ક્યારેક આકરો તાપ અનુભવાય છે... પરંતુ બદલાતું વાતાવરણ રોગચાળાના ઉદ્દભવ અને પ્રસાર માટે સાનુકૂળતા સર્જે છે...

# શહેરના મુખ્ય માર્ગોની સફાઇ, સુધારણા પૂર્વે યોગ્ય સર્વે કરાશે

**ભારે વરસાદમાં ડામર કપચી ઉખડી જતા તંત્રએ સફાઇ કામગીરી હાથ ધરી : સેકટરોના આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ : રહીશો પરેશાન**

ગાંધીનગર તા ૩

શહેરમાં ભારે વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહયા છે. જયારે મુખ્ય માર્ગો પરથી પણ ડામરની કપચી ઉખડી જતા માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. શહેરમાં માર્ગોની સુધારણા માટેની કાર્યયોજના અગાઉ તૈયાર કરવામાં આવી હતી. જયારે વરસાદ દરમિયાન માર્ગોની હાલત વધુ બદતર બની છે. ત્યારે માર્ગોની સુધારણા પુર્વે યોગ્ય સર્વે પણ હાથ ધરાશે. જેના લીધે વાહનચાલકો પરેશાન છે. આ સ્થિતિને ધ્યાને લઇ તંત્ર દ્વારા નગરના મુખ્ય માર્ગોની સફાઇ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં સેકટરોને જોડતા અપ્રોચ તેમજ ઉભા માર્ગો પર પણ સફાઈ કરવામાં આવી રહી છે. હાલ માર્ગોની દુર્દશા વચ્ચે રેતી અને કપચીના ઢગ થતા માર્ગ સલામતી જોખમાઇ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

ભારે વરસાદના લીધે જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની દશા પણ બદતર બની છે. જિલ્લાના વિવિધ માર્ગો પર ગાબડા પુરવા પણ તંત્રની ટીમ કામે લાગી છે. જયારે શહેરમાં પણ સતત વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. શહેરના મુખ્ય માર્ગો પર પણ સતત પાણીના ભરાવાના લીધે માર્ગોને નુકશાન થયુ છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની દશા આમ પણ ખરાબ હતી તેવામાં વરસાદના લીધે માર્ગો પર ગાબડા જોવા મળી રહયા છે. નવા સેકટરોના આંતરિક માર્ગોની હાલત અત્યંત બિસ્માર છે. સેકટરોના માર્ગોની સુધારણાને નિયત સમય કરતા પણ વધુ સમય વિતી ગયો છે. ત્યારે વરસાદ પુર્વે જ રસ્તાઓની હાલત અત્યંત ખરાબ હતી.

જયારે વરસાદના લીધે માર્ગોનુ બાકી હતુ તે પણ ધોવાણ થયુ છે. ત્યારે હાલ માર્ગ સુધારણાની કામગીરી કરવાનુ મુશ્કેલ હોવાના લીધે ચોમાસા બાદ શહેરના માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. ત્યારે તંત્ર દ્વારા હાલ સર્વે કરીને માર્ગોની નુકશાની અંગે પણ તાગ મેળવવામાં આવી રહયો છે. બીજીતરફ માર્ગો પર ધોવાણના લીધે પથરાયેલી રેતી કાંકરી પણ વાહનચાલકો માટે શિરદર્દ સમાન બની છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગોની સફાઇનુ કામ હાથ ધરવા માટે સફાઇ કામદારોની ટીમ કામે લગાડી દેવામાં આવી છે.

# કલોલ તાલુકામાંથી ૩૮ વર્ષીય મહિલાને સ્વાઈન-ફલુ પોઝીટીવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળી આવેલ છે તેમજ આ જ તાલુકામાં સ્વાઈન ફલુથી એક દર્દીનું મૃત્યુ પણ આજે થતાં આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થયો છે.

**સબાશપુરના વૃધ્ધનું આજે સારવાર દરમિયાન મોત : જિલ્લામાં મૃત્યુ આંક ૬નો થયો**

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના બારલોડિયા ગામમાંથી એક મહિલા દર્દી મળી આવેલ છે જેને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. હાલ આ મહિલા દર્દી અમદાવાદ સિવિલ ખાતે દાખલ છે અને જયાં તેણીની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

૩૮ વર્ષીય મહિલાને ગઈકાલે જ અમદાવાદ સિવીલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતી અને આજે સવારે પરીક્ષણના અહેવાલમાં સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ.

જિલ્લામાં આ સાથે સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૭ પર પહોંચી છે. જેમાં સૌથી વધુ કેસ કલોલ તાલુકામાંથી મળી આવેલ છે. છેલ્લા ૧૫ દિવસમાં જ આ તાલુકામાંથી ૬ઠ્ઠો કેસ સ્વાઈન ફલુનો મળી આવેલ છે.

તંત્રના સૂત્રમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કલોલ તાલુકાના સબાશપુરા ગામના ૬૦ વર્ષીય વૃધ્ધનું આજે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામેલ દર્દીની સંખ્યા ૬ પર પહોંચી છે.

સ્વાઈન ફલુના જે રીતે કેસો જિલ્લામાંથી મળી રહ્યા છે તેને લઈ આરોગ્ય તંત્ર ચિંતાતુર બન્યું છે. જિલ્લો અન્ય જિલ્લાઓની સરહદથી જોડાયેલો છે અને તેનો મોટા ભાગનો વ્યવહાર અમદાવાદ સાથે સંકળાયેલો હોવાથી તંત્ર એ તમામ તબીબોને સતર્ક બની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યું છે. હાલ જિલ્લામાં ભેજવાળુ હવામાન સ્વાઈન ફલુ માટે વધુ પોઝીટીવ હોવાનું જણાવતા અધિકારીઓને પુરતી કાળજી લેવા પણ તાકીદ કરવામાં આવી છે.

# સિવિલ હોસ્પિટલની સ્વચ્છતા અને પાણી લિકેજીસના મુદ્દે કલેક્ટરની નારાજગી

**આજે રોગી કલ્યાણ સમિતિની બે તબક્કે બેઠક યોજી નારાજગી વ્યક્ત કરી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સ્વચ્છતા અને લિકેજીસના મુદ્દે આજે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે તંત્રના જવાબદારોનો ભારે ઉધડો લીધો હતો.

પી.આઈ.યુ. દ્વારા લીકેજીસના મરામતમાં દાખવવામાં આવતી ઉદાસીનતાને લઈ તેમણે આજે રોગી કલ્યાણ સમિતિની બેઠક બે તબક્કામાં લીધી હતી.

તેમણે સીટી સ્કેન મશીનના રિપેરીંગ બાબતે પણ કંપનીના અધિકારીઓને જાણ કરી તાત્કાલિક કાર્યરત થાય તે જોવા માટે જણાવ્યુ હતુ. સિવિલ હોસ્પિટલની સ્વચ્છતાને લઈ પણ તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સ્વચ્છતાના સામાન્ય માપદંડ પણ સિવિલમાં જળવાતાં નથી તે યોગ્ય લેખી શકાય નહિ.

સિવિલ હોસ્પિટલમાં ચાદરો ફાટેલી હોવાની બાબતને પણ ગંભીર લેખી તેમણે જરૂર પડ્યે રોગી કલ્યાણ સમિતિમાંથી ખરીદી કરવામાં આવે તેના પર ભાર મુક્યો હતો.

હોસ્પિટલમાં ગુણવત્તાસભર સેવાઓ દર્દીઓને મળી રહે એટલુ જ નહિ લાઈનો જે રીતે જોવા મળે છે તે માટે વધુ તબીબોને ઓપીડીની જવાબદારીથી સાંકળવા માટે પણ જણાવ્યુ હતુ.

તેમણે દવાનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે માટે પણ વિશેષ ધ્યાન આપવા આગ્રહ કર્યો હતો. મેલેરિયા-ડેન્ગ્યુના કેસોનું નિયમિત રિપોર્ટીંગ થાય એટલુ જ નહિ દર્દીઓના નામ-સરનામા સાથેની વિગતો સાથે તેની જાણ થાય તે જોવા પણ જણાવ્યું હતું.

# ગુડાએ મુખ્યમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓની માન્ય અરજી વેબસાઈટ પર મુકી

**એમ આઇ જી અને એલ આઇ જી યોજનાના અરજીપત્રકો અંગે વાંધા સુચનો ત્રણ દિવસમાં રજુ કરી શકાશે**

ગાંધીનગર તા ૩

ગુડા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે એમ આઈ જી ટુ અનો એલ આઈ જી થ્રી ના લાભાર્થીઓની યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. રાયસણ અને કુડાસણ આવાસ યોજનાની આ યાદી અંગે અરજદારોને વાંધા સુચનો આગામી ત્રણ દિવસમાં રજુ કરવા પણ ગુડા દ્વારા જણાંવાયુ છે.

ગુડા દ્વારા અગાઉ રાયસણ,

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા તંત્ર કામે ૧૦ ટીમો કામે લાગી

**ભારે વરસાદના અંતે સેકટરોમાં મોટાભાગની સ્ટ્રીટ લાઇટો ડુલ : સેકટરોમાં લબુકજબુક થતી લાઇટો પલવારમાં જ ડુલ થઇ જતા અંધારપટ્ટ : રહીશોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૩

શહેરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં અંધારપટ્ટ જોવા મળી રહયો છે. વરસાદની સાથે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જતા છેલ્લા ૧૫ દિવસથી નગરજનો લાઈટો ડુલ હોવાની ફરિયાદોથી ત્રસ્ત છે. સેકટરોમાં એલ ઈ ડી લાઈટ બંધ હાલતમાં છે. સાંજ ઢળતા જ લબક ઝબક થતી લાઈટો પલવારમાં જ ડુલ થઈ જતા સેકટરોની શેરીઓમાં ઘનઘોર અંધારુ જોવા મળી રહયુ છે. જો કે ખોદકામના લીધે કેબલ લાઈનમાં અડચણ થવાથી તેમજ વરસાદી પાણી પોલમાં ઉતરવાના લીધે સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની ફરિયાદો વધી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોને ડામવા માટે ૧૦ ટીમો કામે લાગી હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં અગાઉ સેકટરોની સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી ટોરેન્ટ પાવરના શીરે હતી જયારે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનતા દિલ્હીની એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. શહેરમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ સ્ટ્રીટ લાઈટની ફરિયાદો વધી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આમ નાગરિકોને બંધ સ્ટ્રીટ લાઈટના મામલે ક્યાં ફરિયાદ કરવી તે અંગે પણ મુંઝવણ છે. ગત દિવસોમાં ભારે વરસાદ દરમિયાન પણ નગરમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો બંધ હતી. જયારે હાલ પણ ઝરમરીયા વરસાદી ઝાપટા વચ્ચે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની ફરિયાદો વિશેષ છે. સેકટરોના મુખ્યમાર્ગો

● અનુસંધાન પાન-૭ પર

## સે. ૨૩માં એક માસથી સ્ટ્રીટલાઈટ બંધ

શહેરના સેક્ટર-૨૩માં વિરાટનગર સોસાયટી, તેજસ સોસાયટી અને સૌરભ સોસાયટીમાં સ્ટ્રીટલાઈટો છેલ્લાં એક માસથી બંધ હોવાની રાવ ઉઠવા પામી છે. આ સ્ટ્રીટલાઈટોને મરામત કરી ચાલુ કરવા તંત્ર સમક્ષ રહીશો દ્વારા અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. છતાં તમામ રજૂઆતો બ્હેરાં કાને અથડાઈને પરત ફરી છે. આ ઉપરાંત તેજસ સોસાયટી તથા વિરાટનગર સોસાયટીના મહાદેવ મંદિર પાસેના રોડ પર એક વર્ષ પૂર્વે વૃક્ષ પડી જવાથી પડેલો ખાડો વાહનચાલકોને ભારે અડચણરૂપ હોવા છતાં તેમજ અનેકવાર નાના-મોટા અકસ્માતો સર્જાયા હોવા છતાં તેને પુરી રોડ સરખો કરવાની તસ્દી લેવાઈ નથી.



સ્વચ્છ અને દબાણમુક્ત શાકમાર્કેટ - શાકમાર્કેટમાં ગંદકી અને દબાણની ફરિયાદ કેટલાય સમયથી થતી હતી... છેલ્લા બે-ત્રણ દિવસના તંત્રના પ્રયાસોથી ગાંધીનગરને શોભે એવી સ્વચ્છતા શાકમાર્કેટમાં અનુભવાતી હતી....

# જિલ્લા પંચાયત ટેન્ટ અને ઘરવખરીના વાસણોની કીટ બનાવી પૂરગ્રસ્તોને મોકલશે

**પંચાયતના સદસ્યા મંગુબેન ચૌધરીએ સીધા સામાનની ૨૦૦ કીટ આજે પંચાયતમાં જમા કરાવી : લાકડા-ઘાસચારો પણ સભ્યો દ્વારા મોકલવામાં આવનાર છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી રૂ. ૧૩ લાખની અંદાજિત કિંમતમાં ૧૦૦ ટેન્ટ તેમજ ૧૦૦થી વધુ ઘરવખરીના વાસણોની કીટ ખરીદી અને પૂરગ્રસ્તોને માટે ખરીદી મોકલશે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે આજે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આ માટેની વહીવટીય કામગીરી તેના અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે અને આગામી સપ્તાહમાં આ કીટો ત્યાં મોકલી આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની દ્વિતિય માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



जातस्य हि ध्रुवो मृत्यु -
ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे
न त्वं शोचितुमर्हसि ॥
२-२७ भागवत गीता

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
૨-૨૭ ભાગવત ગીતા

**પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ**

રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com